શેઠ સી. એમ. હાઈસ્કૂલમાં શિક્ષકદિનની શાનદાર ઉજવણી

ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડૉ સર્વપલ્લી રાધાકૃષ્ણનની યાદમાં ૫ સપ્ટેમ્બરે શેઠ સી.એમ. હાઈસ્કૂલમાં શિક્ષકદિનની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. શાળાના ૬૦ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. શાળાના આચાર્ય ડૉ. ચેતનાબૂચે ડો સર્વપલ્લી રાધાકૃષ્ણનના જીવન તેમજ કાર્યોની શાળાના વિદ્યાર્થીઓને વાકેફ કર્યા હતા. શિક્ષક તરીકેની પસંશનીય કામગીરી બજાવનારા વિદ્યાર્થી (૧) ગુલવે પ્રથમ પી. (૨) ડાંગી જીતેન્દ્ર બી. (૩) પ્રજાપતિ શુભમ એલ. (૪) સરવૈયા કિરપાલ એસ. (૫) પટેલ ક્રિશ વી. (૬) પટેલ ધ્યાન જે. (૭) પટેલ મીત બી. (૮) પટેલ ખંત એમ. (૯) ગઢવી પાર્થ એસ. (૧૦) પાવરા કિરણ (૧૧) ચૌધરી આન્વી એ. (૧૨) પટેલ અનીકેતા બી (૧૩) પટેલ ક્રિના દશરથભાઇ (શ્રેષ્ઠ આચાર્ય)ને શાળા પરિવાર દ્વારા બિરદાવવામાં આવ્યા હતા.

બી. સી. એ. કૉલેજના વિદ્યાર્થીઓ દ્વારા શિક્ષક દિવસની ઉજવણી

ગાંધીનગર, તા. ૬

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન ભોળાભાઈ પટેલ કોલેજ ઓફ કમ્પ્યુટર સ્ટડીઝ-બીસીએના ૬૫ કરતાં વધારે વિદ્યાર્થીઓ દ્વારા શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી હતી. આ વિષેની વધુ માહિતી આપતા કોલેજના ડાયરેક્ટર ડો. સંજય એમ. શાહે જણાવ્યુ હતું કે આજની યુવા પેઢી શિક્ષકોનું અને તેમના કાર્યોનું મહત્વ સમજે અને એક દિવસ શિક્ષકોની જવાબદારી નિભાવે અને ભવિષ્યમાં સમાજને ઉપયોગી થાય તેવા ઉદ્દેશ સાથે આ ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ માટે ૩૭ કરતાં વધારે વિદ્યાર્થીઓએ શિક્ષકદિન નિમિત્તે શૈક્ષણિક કાર્યની જવાબદારી નિભાવી હતી. ઉપરાંત ડાયરેક્ટર, કોઓર્ડીનેટર, પ્યુન, લેબ-ટેકનીશિઅન, એડમીનના રોલ વિદ્યાર્થીઓએ નિભાવીને મેનેજમેંટ, શિક્ષણ, એડ્મીનીસ્ટ્રેશન અને સેવા કરવાની ભાવના કેળવી હતી. કોલેજના કો-ઓર્ડિનેટર પ્રો. રૂપેશ વ્યાસે શિક્ષક બનેલા વિદ્યાર્થીને આજના દિવસનું મહત્વ સમજાવ્યું હતું અને આજના દિવસે આવેલા પડકારોને જીવનભર યાદ રાખી, સકારાત્મક અભિગમ કેળવી સામનો કરવાનું શીખવ્યું હતું. અન્ય પ્રાધ્યાપક મિત્રોએ શિક્ષક અને વિદ્યાર્થીઓને સંબંધો પર પ્રકાશ પાડતા વિદ્યાર્થીઓને ક્લાસરૂમ ડિસિપ્લિન, વર્ગમાં હાજરીની જરૂરિયાત અને વિષયોના ઊંડાણ પૂર્વકના અભ્યાસની જરૂરિયાત સમજાવી હતી. સમગ્ર કાર્યક્રમના અંતે આદિત્ય ઉપાધ્યાયને શ્રેષ્ઠ શિક્ષક તરીકે બિરદાવવામાં આવ્યો હતો. વિદ્યાર્થી શાશ્વત શર્માએ ડાયરેક્ટર તરીકેની જવાબદારીઓ નિભાવી હતી.

સમગ્ર કાર્યક્રમનું આયોજન પ્રો. પલક પટેલ અને પ્રો. રીમા શેલત દ્વારા કરવામાં આવ્યું હતું જેને સફળતા પૂર્વક સંપન્ન કરવામાં વિદ્યાર્થીઓ, શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓનો સંપૂર્ણ સહયોગ પ્રાપ્ત થયો હતો.

શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજમાં શિક્ષક દિવસની ઉજવણી

ગાંધીનગર, તા. ૬

શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજમાં શિક્ષક દિવસની ઉજવણી દબદબાભેર કરવામાં આવી હતી. એક દિવસનું સમગ્ર શૈક્ષણિક અને વહીવટી કાર્ય વિદ્યાર્થિનીઓએ ઉપાડી લીધું હતું.

આચાર્ય ડૉ. એમ એમ ચૌધરીના માર્ગદર્શન હેઠળ નુઝહત પટેલે આચાર્ય, ચિત્રા જાનીએ ઉપાચાર્યની ભૂમિકા ભજવી હતી. ૫૧ વિદ્યાર્થિનીઓએ શિક્ષક, પાંચ વિદ્યાર્થિનીઓએ ક્લાર્ક, પાંચે પટાવાળા અને બે વિદ્યાર્થિનીઓએ ગ્રંથપાલ તરીકે સેવાઓ આપી હતી.

સમગ્ર દિવસને અંતે શ્રેષ્ઠ શિક્ષકની કામગીરી કરનાર વિદ્યાર્થિનીને ઇનામ આપીને બિરદાવવામાં આવી હતી. નિર્ણાયક તરીકે પ્રા. મુન્નાબેન ચૌધરી અને પ્રા. પ્રતિમાબેન છનિયારાએ પોતાની સેવાઓ આપી હતી.

શ્રી જે બી પ્રાથમિક શાળામાં સ્વયં શિક્ષક દિનની ઉત્સાહપૂર્ણ ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા. ૬

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જનતકુમાર ભગુભાઈ પ્રાથમિક શાળામાં શિક્ષક દિનની ઉજવણી ઉત્સાહભેર કરવામાં આવી હતી. ૮૯ જેટલા વિદ્યાર્થીઓએ આચાર્ય, સુપરવાઈઝર, શિક્ષક, કારકુન અને સેવકની સંપૂર્ણ જવાબદારી સંભાળી હતી. વિદ્યાર્થીઓએ પણ સ્વયં શિસ્ત જાળવી સહકાર આપ્યો હતો.

છેલ્લા એકતાસ દરમિયાન સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં શિક્ષણકાર્ય કરનાર વિદ્યાર્થીઓ, આચાર્યની જવાબદારી સંભાળનાર સ્મિત સંજયભાઈ પટેલ તથા શ્રેષ્ઠ શિક્ષણકાર્ય કરનાર જીલ કનૈયલાલ પટેલને આચાર્ય નીવાબેન પટેલે બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

જીઆઈપીએસમાં શિક્ષક દિન ઉજવાયો

ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલમાં ગુરુવારના રોજ 'શિક્ષક દિન'ની ઉજવણી કરવામાં આવી હતી. ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન ના જન્મદિનને શિક્ષકદિન સાથે જોડેલા આ દિવસે શાળાના વિદ્યાર્થી શિક્ષક-શિક્ષિકાઓ બની વિવિધ વિષયોને આવરી, શાળાનું શિક્ષણ કાર્ય સંભાળ્યું હતું. વિદ્યાર્થી શિક્ષકો તેમજ વિદ્યાર્થીઓએ આ અદભૂત અનુભવોને રજૂ કરી, અનેરા ઉત્સાહથી શિક્ષકોના મૂલ્યવાન કાર્યને માનભેર બિરદાવ્યું હતું. શાળા દ્વારા શિક્ષક બનેલ વિદ્યાર્થીઓને અને શાળાના શિક્ષકગણને યોગ્ય ઉપહાર આપી તેમનું સન્માન કરવામાં આવ્યું હતું.

સરકારી વિનયન કોલેજ, સેકટર-૧૫ ગાંધીનગરના C.W.D.C વિભાગ ધ્વારા 'રાષ્ટ્રીય ન્યુટ્રિશિયન સપ્તાહ' નિમિત્તે Food and Nutrition વિષય પર એક વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. વક્તા તરીકે નારદીપુર મહિલા વિદ્યાપીઠના પ્રોફેસર ડૉ. રાજેશ પટેલ ઉપસ્થિત રહી જીવનમાં આહારનું શું મહત્વ છે, નિરોગી તંદુરસ્ત રહેવા માટે કેવા પ્રકારનો આહાર લેવો જોઈએ. તેની ઊંડી સમજ આપી હતી. સંસ્થાના વડા ડૉ. રાજેશ કોઠારીએ પ્રાસંગિક ઉદબોધન કર્યું હતુ. C.W.D.C.ના કન્વીનર ડો. જોલી જે. દેસાઈ C.W.D.C.નો પરીચય અને તેના કાર્યો પર પ્રકાશ પાડ્યો હતો. પ્રા. વનરાજસિંહ જાડેજાએ વક્તા પરિચય, દિવ્યા પટેલે આભારદર્શન તેમજ સમગ્ર કાર્યક્રમનું સંચાલન ગીતાબા ચાવડાએ કર્યું હતું. આ કાર્યક્રમમાં C.W.D.C.ના તમામ સભ્યો તેમજ વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

ખેલમહાકુંભની તાલુકા કક્ષાની સ્પર્ધાના અન્ડર-૧૪ વિભાગમાં જે એમ ચૌધરી કન્યા વિદ્યાલય, ગાંધીનગરની ટીમ વિજેતા બની હતી. આચાર્યએ સમગ્ર શાળા પરિવાર વતી ટીમને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

જન્મદિને વધામણી

પરિમલ પટેલ
માહિતી મદદનીશ, જિલ્લા માહિતી કચેરી, ગાંધીનગર
મો. ૯૮૨૫૩ ૨૩૮૦૮

જીનલ ચૌહાણ

વનિતા એમ પ્રજાપતિ
ઓપ્થેલ્મોલોજી આસિ.
મો. ૭૬૯૮૩ ૧૬૧૬૪



પાયલ
કમલેશભાઈ પરમાર

જૈમિન ઠાકોર
મો. ૯૭૨૭૪૦૧૦૭૪

આર્ટ્સ પછી આગળ અભ્યાસ માટે કયા કયા વિકલ્પ છે?

કરિયર કોર્નર
કારકિર્દી માર્ગદર્શક પ્રશ્નમંચ
હાર્દિક કે. પરીખ

નમસ્કાર. આપ સૌ વાચક મિત્રોના સાથ અને સહકાર થી આજે ફરી અમે આ કૉલમમાં પ્રસ્તુત થયા છીએ. 'કરિયર કોર્નર' કૉલમમાં હવે પ્રશ્નો માત્ર ગાંધીનગરથી નહીં પણ અન્ય શેહરો અને ગામો જેમ કે સુરત, અમદાવાદ, અને બનાસકાંઠાથી પણ આવી રહ્યા છે. આપ સૌનો પ્રતિસાદ અમને ખૂબ પ્રોત્સાહિત કરે છે. અમે આપના પ્રશ્નોનો ચોક્કસ અને સચોટ ઉત્તર આપવાની કોશિશ કરીએ છીએ. જગ્યાની મર્યાદા હોવા થી અમે બધા પ્રશ્નો પ્રકાશિત નથી કરી શકતા પણ તમને જવાબ ચોક્કસ મળશે.

હવે આપ અમને ફેસબુક પર 'લાઈક' કરી શકો છો: facebook.com/questions.careercroner પર.

સોફ્ટવેર એન્જીનિયર બનવા શું કરવું ?

૧. હું અત્યારે હાલમાં ગ્રેજ્યુએશન કરી રહી છુ. મારી મૂંઝવણ એ છે કે વિદેશમાં જઇને અભ્યાસ કરવો કે અહીં જ રહીને ગવર્મેન્ટ જોબની તૈયારી કરવી? માહિતી આપશો.

- અર્પિતા જાની, દહેગામ

અર્પિતા, તમે તમારી કારકિર્દીને જે દિશામાં લઈ જવા માંગતા હોવ ત્યાં લઈ જઈ શકો છો. તમે જણાવેલ બંને વિકલ્પ ખૂબ સરસ છે. વિદેશમાં બહોળી તકો છે અને ભારતમાં તકોની કોઈ કમી નથી. વિદેશ જવા માટે સૌથી પેહલા તમારે કયા દેશમાં જવું છે તે નક્કી કરવું પડશે. તમે ૨-૩ દેશોને વિકલ્પ તરીકે પસંદ કરી શકો છો. તેના પછી કયો અભ્યાસ ક્રમ ત્યાં કરવો છે તે નક્કી કરો અને

તદુપરાંત તેને લગતી પરીક્ષાઓ તમારે આપવી પડશે. સામાન્ય રીતે વિદેશમાં અભ્યાસ માટે આઇ.ઈ.એલ.ટી.એસ., ટી.ઓ.ઈ.એફ.એલ., એસ.એ.ટી., જી.આર.ઈ., જી.એમ.એ.ટી.જેવી પરીક્ષાઓ આપવી પડતી હોય છે. હવે તમારા બીજા વિકલ્પની, એટલે કે સરકારી નોકરીની, વાત કરીએ તો તેમાં પણ તમારી પાસે ઘણા વિકલ્પ છે. સૌથી પેહલા એ નક્કી કરો કે રાષ્ટ્રીય કક્ષાની નોકરી જોઈએ છે કે રાજ્ય કક્ષાની. રાજ્ય સરકાર દ્વારા લેવાતી પરીક્ષા અલગ પ્રકારની હોય છે કેન્દ્ર સરકાર દ્વારા લેવાતી પરીક્ષાઓ કરતાં. જે પણ સ્તર તમે નક્કી કરો, તમારે તેને લગતી સ્પર્ધાત્મક પરીક્ષા જરૂર આપવી પડશે. ચોક્કસ પ્લાનિંગ સાથે મેહનત કરશો તો સફળતા જરૂર મળશે. સામાન્ય જ્ઞાન એટ્લે કે જી.કે.ની નિયમિત તૈયારી કરવાનું ભૂલતા નહીં. ઓલ ધી બેસ્ટ.

૨. હું હ્યુમનિટીસ (આર્ટ્સ)માં ધોરણ ૧૨માં અભ્યાસ કરું છુ. આર્ટ્સ પછી આગળ અભ્યાસ માટે કયા કયા વિકલ્પ છે?

- શિવમ ચૌધરી, ગાંધીનગર

શિવમ, ધોરણ ૧૨ આર્ટ્સ પછી ઘણા વિકલ્પ આપના માટે છે.પણ આપણે મહત્વ ના વિકલ્પો વિષે વાત કરીએ તો ૧૨ આર્ટ્સ પછી બી.એ. કરી શકો છો.એમાં પણ આપ આપના મનપસંદ ક્ષેત્ર જેવા કે સંગીત,પરફોર્મિંગ આર્ટસ, સાહિત્ય વિગેરેમાં પ્રભુત્વ મેળવી શકો છો. ત્યાર બાદ એમ.એ કરી શકો

છો.બીજો મહ્ત્વનો વિકલ્પ વિચારીએ તો બી.એ – એલ.એલ.બી સાથે પાંચ વર્ષનો કોર્સ કરી શકો છો.જે આપ એન.એલ.યુ એટ્લે કે નેશનલ લૉ યુનિવર્સિટી જેવી પ્રતિષ્ઠત યુનિવર્સિટીમાંથી કરી શકો છો. તે માટે આપ સી.એલ.એ.ટી પ્રવેશ પરીક્ષા આપી શકો છો.અન્ય વિકલ્પ ની વાત કરીએ તો માસ કોમ્યુનિકેશન , જર્નલિસ્મ અથવા મિડિયામાં પણ જઇ શકો છો.જે માટે આપ દિલ્લી યુનિવર્સિટી અથવા સેંટ ઝેવિયર્સ, મુંબઈ જેવી પ્રતિષ્ઠિત સંસ્થાઓમાંથી પણ કરી શકો છો. તેમાં પ્રવેશ લેવા માટે પ્રવેશ પરીક્ષા આપવાની હોય છે. હોટલ મેનેજમેંટ પણ એક સારો વિકલ્પ બની શકે છે જો આપ એ ક્ષેત્ર માં જવા માંગતા હોય તો. એ માટે આપ એન. સી. એચ. એમ. સી. ટી. જે. ઈ. ઈ.ની પરીક્ષા આપી આઈ.એચ.એમ જેવી પ્રતિષ્ઠત સંસ્થામાં પણ એડ્મીશન લઇ શકો છો.આ સિવાય અન્ય એક વિકલ્પ તરફ છે લિબરલ સ્ટડીઝ જે તમે એફ.એલ.એ.એમ.ઇ અને ગાંધીનગર સ્થિત પી.ડી.પી.યુ જેવી પ્રતિષ્ઠત સંસ્થામાંથી પણ કરી શકો છો. લિબરલ સ્ટડીઝ જો પ્રતિષ્ઠિત કોલેજમાંથી કરવું હોય તો આપને પ્રવેશ પરીક્ષા આપવી પડશે. જણાવેલા વિકલ્પો ઉપરાંત પણ ઘણા વિકલ્પ છે. વધુ જાણકારી માટે આપ અમને વોટ્સએપ અથવા ઈમેલ કરી શકો છો. ઓલ ધ બેસ્ટ!

૩. હું રેલ્વે અને બેન્ક બંનેની પરીક્ષા ની તૈયારી કરવા માંગુ છું, આ બંને પરીક્ષાઓ વિષે માહિતી આપશો

- અનુજ પરમાર, ગાંધીનગર

અનુજ, આર.આર.બી. ની પરીક્ષા વિષે તમે જાણવા માંગો છો. એક રેલ્વે રિક્રૂટમેંટ બોર્ડ અને બીજું રીજનલ રૂરલ બૅંક (ગ્રામીણ બૅંક). અમે તમને બંને વિષે થોડીમાહિતી આપીશું. રેલ્વેમાં જોબ માટે રેલ્વે રિક્રૂટમેંટ બોર્ડ દ્વારા લેવાતી પરીક્ષાને

આર.આર.બી આપવી પડેછે. તેમાં મુખ્યત્વે ચાર ગ્રુપ હોય છે – ગ્રુપ એ, ગ્રુપ બી, ગ્રુપ સી અને ગ્રુપ ડી. ગ્રુપ એ એટ્લે સીનિયરપોજિશન માટે હોય છે અને તેની પરીક્ષા યુ.પી.એસ.સી. દ્વારા લેવામાં આવે છે. ગ્રુપ બી માટે મોટાભાગે ગ્રુપ'સી' માંથી પ્રમોશન મેળવેલા લોકોને સિલેક્ટ કરવામાં આવે છે. ગ્રુપ 'સી' અને 'ડી' ની પરીક્ષા ભારતમાંસ્થિત ૨૧રેલ્વે રિક્રૂટમેંટ બોર્ડ લેતા હોય છે. રેલ્વેમાં ટેક્નિકલ અને નોન-ટેક્નિકલ એવી બે પરીક્ષા લેવાતીહોય છે. સામાન્ય રીતે ગણિત, અંગ્રેજી, તાર્કિક (રીજનિંગ), જનરલ નોલેજ અને જનરલ સાઈન્સ પર પ્રશ્નોપૂછાતા હોય છે. ટેક્નિકલ પરીક્ષામાં ટેક્નિકલ વિષયોનો પણ સમાવેશ કરવામાં આવે છે. જોબ પ્રમાણે ઘણીવખત "ટાઈપિંગ ટેસ્ટ' વિગેરે પણ લેવામાં આવે છે. હવે વાત કરીયે રીજઓનલ રૂરલ બૅંક એટ્લે કે ગ્રામીણ બૅંકની. આ પરીક્ષામાં બે પ્રકારની પોસ્ટ હોય છે –એક અસિસ્ટેંટ (ક્લાર્ક) તરીકે અને બીજી ઓફિસર તરીકે. આ પરીક્ષાથી તમે અલગ-અલગ રાજ્યોમાં સ્થિતગ્રામીણ બૅંકોમાં નોકરી મેળવી શકો છો. આ પરીક્ષામાં બે થી ત્રણ તબક્કા હોય છે – પ્રિલિમ, મેઇન અનેઇન્ટરવ્યૂ/સ્કીલ ટેસ્ટ. સામાન્ય રીતે આ પરીક્ષામાં પણ ગણિત, અંગ્રેજી, તાર્કિક (રીજનિંગ), જનરલ નોલેજપર પ્રશ્નો પૂછાતા હોય છે. ઓફિસર અને અસિસ્ટેંટ , બંને પરીક્ષાઓમાં પ્રિલિમ પરીક્ષામાં અંગ્રેજી પૂછાતુંનથી પણ મેઇન પરીક્ષામાં પૂછાતું હોય છે. ઓફિસરની પોસ્ટ માટે પ્રિલિમ અને મેઇન પરીક્ષા પાસ કર્યાપછી ઈન્ટરવ્યૂ આપવો પડતો હોય છે. વધુ માહિતી માટે ઈમેલ અથવા વ્હાટ્સએપ કરી શકો છો. શુભકામનાઓ.

તમારા કરિયરને લગતા પ્રશ્નો અમને મોકલી આપો અને અમારા તજજ્ઞો એના સચોટ જવાબ આપશે. આપના પ્રશ્ન સાથે આપનું નામ, ઉમર, ઈમેલ id, મોબાઈલ નંબર, અભ્યાસ અને શહેરનું નામ ચોક્કસ લખવું.

ઈમેલ: questions.careercorner@gmail.com

વોટ્સએપ નંબર: ૮૮૪૯૨૨૧૬૫૩, ફેસબુક: www. facebook.com/questions.careercroner

બાળ કેળવણી

ડરબનમાં ઘર માંડેલું તેમાં ફેરફારો તો કર્યા જ હતા. મોટું ખર્ચ રાખેલું છતાં વલણ સાદાઈ તરફ હતું. પણ જોહાનિસબર્ગમાં 'સર્વોદય'ના વિચારોએ વધારે ફેરફાર કરાવ્યા.

બારિસ્ટરના ઘરમાં જેટલી સાદાઈ રાખી શકાય તેટલી તો દાખલ કરી જ. છતાં કેટલાંક રાચરચીલાં વિના ચલાવવું મુશ્કેલ હતું. ખરી સાદાઈ તો મનની વધી. દરેક કામ પોતાને હાથે કરવાનો શોખ વધ્યો, ને તેમાં બાળકોને પણ પલોટવાનું આરંભ્યું.

બજારની રોતી લેવાને બદલે ઘેર ખમીર વિનાની ક્યુનેની સૂચના પ્રમાણેની રોતી હાથે બનાવવાનું શરૂ કર્યું. આમાં મિલનો આટો કામ ન આવે. વળી મિલનો દળેલો આટો વાપરવા કરતાં હાથે દળેલો વાપરવામાં સાદાઈ, આરોગ્ય ને દ્રવ્ય વધારે સાચવતા હતાં એમ માન્યું. એટલે હાથે ચલાવવાની એક ઘંટી સાત પાઉન્ડ ખર્ચી ખરીદી. આને વજનદાર પૈડું હતું. તે બે માણસો સહેલાઈથી ચલાવે, એકલાને કષ્ટ પડે. આ ઘંટી ચલાવવામાં પોલાક, હું અને બાળકો મુખ્યત્વે રોકાતા. કોઈ કોઈ વેળા કસ્તૂરબાઈ પણ આવતી. જોકે તેનો તે સમય રસોઈ કરવામાં રોકાયેલો હોય. મિસિસ પોલોક આવ્યાં ત્યારે તે પણ તેમાં જોડાયા, આ કસરત બાળકોને માટે બહુ સારી નીવડી. તેમની પાસે આ કે કોઈ કામ મેં બળાત્કારે કદી નથી કરાવ્યું, પણ તેઓ સહેજે રમત સમજીને પૈડું ચલાવવા આવતા. થાકે ત્યારે છોડી દેવાની તેમણે છૂટ હતી. પણ કોણ જાણે શું કારણ હશે કે, આ બાળકો અગર બીજા જેમની ઓળખ આપણે હવે પછી કરવાની છે તેમને મને તો હમેશાં ખુબ જ કામ આપ્યું છે. ઠરડા બાળકો મારે નસીબે હતાં જ, પણ ઘણાખરા સોંપેલું કામ હોંશથી કરતા. 'થાક્યા' એમ કહેનારા એ યુગના થોડા જ બાળકો મને યાદ છે.

ઘર સાફ કરવાને સારું એક નોકર હતો. તે કુટુંબી થઈને રહેતો, ને તેના કામમાં બાળકો પૂરો હિસ્સો આપતા. પાયખાનું ઉપાડી જનાર તો મ્યુનીસિપાલીટીનો નોકર આવતો, પણ પાયખાનાની કોટડી સાફ કરવી, બેઠક ધોવી વગેરે કામ નોકરને સોંપવામાં નહોતું આવતું; તેવી આશા પણ નહોતી રાખવામાં આવતી. આ કામ અમે જાતે કરતાં ને તેમાં પણ બાળકોને ત્તાલીમ મળતી. પરિણામ એ આવ્યું કે, મૂળથી જ મારા એક પણ દીકરાને પાયખાનાં સાફ કરવાની સૂગ નથી રહેલી, ને આરોગ્યના સામાન્ય નિયમો પણ તેઓ સહેજે શીખ્યા છે. જોહાનિસબર્ગમાં કોઈ માંદા તો ભાગ્યે જ પડતા. પણ જો માંદગીનો પ્રસંગ આવે તો સેવાકામમાં બાળકો હોય જ; ને તેઓ આ કામ ખુશીથી કરતાં. તેમના અક્ષરજ્ઞાનને વિશે હું બેદરકાર રહ્યો એમ તો નહિ કહું, પણ મેં તેને જતું કરતાં સંકોચ ન ખાધો. ને આ ઊણપને સારું મારા દીકરાઓને મારી સામે ફરિયાદ કરવાનું કારણ રહેલું છે. તેમણે કેટલીક વાર પોતાનો અસંતોષ પણ જાહેર કર્યો છે. આમાં કંઈક અંશે મારે મારો દોષ કબૂલ કરવો જોઈએ એમ માનું છું. તેમણે અક્ષરજ્ઞાન આપવાની ઈચ્છા ઘણી થતી, પ્રયત્ન પણ કરતો, પણ એ કામમાં હમેશાં કંઈક વિઘ્ન આવી પડતું. તેમને સારુ ઘેર બીજી કેળવણીની સગવડ નહોતી કરી, તેથી તેમને મારી સાથે ચાલતો ઓફિસે લઈ જતો. (ક્રમશઃ)

સૌજન્ય : સત્યના પ્રયોગો

હું રેલવે અને બેન્ક બંનેની પરીક્ષાની તૈયારી કરવા માગું છું, આ બંને પરીક્ષાઓ વિષે માહિતી આપશો